ગાંધીનગર સમાચાર

| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ : | ૩૮.૮ ડીગ્રી |
| લઘુતમ : | ૨૫.૫ ડીગ્રી |
| ભેજ | સવારે ૬૨ ટકા ● સાંજે ૩૬ ટકા |

# આજે ખરીદીનું વણજોયું મુહૂર્ત અક્ષય તૃતીયા

## શહેરમાં આજે સોના - ચાંદીની ખરીદી ઉપરાંત નવા વાહનોની ખરીદી, ગૃહ પ્રવેશ, લગ્ન પ્રસંગો સહિત શુભ કાર્યો કરવામાં આવશે

ગાંધીનગર.તા.૨૧

વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજના દિવસે અક્ષય તૃતીયા ઉજવવાની પરંપરા છે. તેની એક પૌરાણિક માન્યતા પણ છે. આ વર્ષે આવતી અક્ષય તૃતીયા પર ગુરુની રાશિમાં પણ ફેરફાર જોવા મળે છે. જ્યોતિષીઓના મતે તિથિની ઘટના અનુક્રમે ચંદ્ર માસ અને સૌર માસની ગણતરી પ્રમાણે નિશ્ચિત છે, પરંતુ અક્ષય તૃતીયા હંમેશા અક્ષય રહે છે.

અક્ષય તૃતીયા પર સોના-ચાંદીની ખરીદીની સાથે સાથે દિવાળીની જેમ લક્ષ્મી નારાયણની પૂજા કરવામાં આવે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જો તમે આ શુભ તિથિ પર રાશિ પ્રમાણે ખરીદી કરશો તો જીવનમાં ક્યારેય કોઈ કમી નહીં આવે અને દરેક વસ્તુમાં વધારો થશે.

પૌરાણિક માન્યતાઓ અને દંતકથાઓ અનુસાર, બ્રહ્માદેવના પુત્ર અક્ષય કુમારનો જન્મ વૈશાખ શુક્લ તૃતીયા તિથિએ થયો હતો. તેથી જ આ તિથિને અક્ષય તૃતીયા કહેવામાં આવે છે. આ તિથિએ તમે જે પણ શુભ કાર્ય કરો છો, તેનું ચાર ગણું ફળ અક્ષય રહે છે. તેમાં ક્યારેય કોઈ કમી નથી. સોના અને ઝવેરાતને દેવી લક્ષ?મીનું ભૌતિક સ્વરૂપ માનવામાં આવે છે. જેમના પર માતા રાની વિશેષ આશીર્વાદ ધરાવે છે. શુભ યોગના કારણે આ દિવસે સોનું ખરીદવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. અક્ષય તૃતીયા તિથિ પર સૂર્ય અને ચંદ્ર તેમના ઉચ્ચ ચિહ્નોમાં છે. એટલા માટે આ દિવસે લગ્ન, વેપાર શરૂ કરવા અને ઘરમાં પ્રવેશ જેવા શુભ કાર્ય કરવા માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે.જે લોકો અક્ષય તૃતીયા પર સોનું ખરીદવા માગે છે તેઓ ૨૨ એપ્રિલ શનિવારના રોજ સવારે ૭-૪૯ વાગ્યાથી બીજા દિવસે, રવિવાર ૨૩ એપ્રિલ, સવારે ૭-૪૭ વાગ્યા સુધી ખરીદી કરી શકે છે. આ દિવસે ઘરેણાં ખરીદવા અને પહેરવાથી અકાળ મૃત્યુનું જોખમ ઘટી જાય છે. આ ૨૪ કલાકનો સમય ત્રેતાયુગનો સરવાળો બનાવે છે. આમાં ભગવાન પરશુરામ અને રામનો જન્મ થયો હતો. આવું વર્ષમાં માત્ર એક જ વાર થાય છે. આ શુભ યોગમાં દાન પુણ્ય કરવું અને સ્નાન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આનાથી પુણ્ય પ્રાપ્ત થાય છે અને મુશ્કેલીઓ દૂર થાય છે. આ દિવસે લોકોએ ધાર્મિક સ્થળોની મુલાકાત લઈને અને ગરીબ, લાચાર અને જરૂરિયાતમંદોને દાન આપીને પુણ્યના ભાગીદાર બનવું જોઈએ.

અક્ષય તૃતીયાના અવસર પર સોનું ખરીદવાનો કાયદો પરંતુ ભૂલથી પણ આ દિવસે પ્લાસ્ટિક, એલ્યુમિનિયમ કે સ્ટીલના વાસણો કે સામાન ન ખરીદો. માન્યતાઓ અનુસાર આ પદાર્થો રાહુથી પ્રભાવિત હોય છે.





### કેરેટ દ્વારા સોનાની કિંમત

| કેરેટ | કિંમત (રૂપિયા/ ૧૦ ગ્રામ) |
|---|---|
| ૨૪. | ૬૦,૪૪૬ |
| ૨૩. | ૬૦,૨૦૪ |
| ૨૨. | ૫૫,૩૬૯ |
| ૧૮. | ૪૫,૩૩૫ |

### ગુજરાતી ભાષાના સાહિત્યકાર અખાનો જન્મ દિવસ

અખાત્રીજ ના દિવસે ધરતી પુત્રી પોતાના ઓજારોની પૂજા કરતા હોય છે. તે જ દિવસે ગુજરાતી ભાષાના સાહિત્યકાર અખાનો જન્મ દિવસ તરીકે ઓળખાય છે. આ ઉપરાંત અખાને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના જ્ઞાનનો ગરવો વડલો તરીકે પણ તેમને ઓળખવામાં આવે છે.

### શુભ મુહૂર્ત

અક્ષય તૃતિયા નો આ અવસરે સોનું ખરીદવું ખુબ શુભ માનવામાં આવે છે. અક્ષય તૃતિયા પર સોનું ખરીદવાનો સમય ૨૨ એપ્રિલ ના રોજ સવારે ૭.૪૯થી લઈને ૨૩ એપ્રિલના રોજ સવારે ૫.૪૮ વાગ્યા સુધી રહેશે.

### અખાત્રીજ પહેલા સોના-ચાંદીના ભાવ ઘટયા

અખાત્રીજ પહેલા સોના ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. માર્કેટમાં સોનુ ૧૭૪ રૂપિયા સસ્તું થઈને ૬૦,૪૪૫ રૂપિયા થઈ ગયું છે. ચાંદી ની કિંમતમાં પણ ઘટાડો જોવા મળ્યો છે તે ૬૫૬ રૂપિયા સસ્તી થઈને ૭૪, ૭૬૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે આ પહેલા તે ૭૫, ૪૧૯ રૂપિયા હતી. આગામી દિવસોમાં સોના અને ચાંદીના ભાવ વધી શકે છે. ૨૦૨૦ માં શરૂ થયેલી ગોલ્ડ સુપર સાયકલ હજુ પણ ચાલુ છે આ વર્ષે સોનું ૬૨,૦૦૦ સુધી પહોંચવાનો અંદાજ હતો પરંતુ વર્તમાન સંજોગો માટે ૬૪,૦૦૦ સુધી પહોંચી શકે છે.

### શહેરમાં નવા વાહનોની ધૂમ ખરીદી થશે

અખાત્રીજના પાવન દિવસે સોના- ચાંદી ઉપરાંત નવા વાહનોની ખરીદી કરવામાં આવે છે ત્યારે ગાંધીનગરમાં હોન્ડાઈ શો રૂમ ખાતે અખાત્રીજના દિવસે ૫૦ જેટલી ક્રેટા અને વરના ગાડીની ડીલીવરી કરવામાં આવશે તેમ હોન્ડાઈ શોરૂમ ના ધર્મેશ ભાઈએ જણાવ્યું હતું. દરરોજની બે થી ત્રણ જ નવી કારનું વેચાણ થાય છે તેવામાં અખાત્રીજના દિવસે એક સાથે ૫૦ કેટલી કારની ડિલિવરી કરવામાં આવશે. સાથે જ સીએનજી કારનું માર્કેટ પણ ઊંચકાયું છે. લોકો આવા દિવસનો મોટા પાયે લાભ લેતા હોય છે અને ખરીદી કરવાનું ચૂકતા નથી તેથી બજાર માં કિંમતી ચીજવસ્તુઓની ધૂમ ખરીદી થાય છે. જેમાં સૌથી વધુ સોનું, ચાંદી અને વાહનો ખરીદવામાં આવે છે.




ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત સિટી બસ સેવા ગાંધીનગરમાં સતત કાર્યરત છે. જે અંતર્ગત સેરથા, કલોલ અને આજુબાજુના ગામ લોકોની જરૂરિયાત ધ્યાને લઈ વધુ ત્રણ બસને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ સેરથા ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે આ વ્યવસ્થાથી વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય લોકોને સારી-સસ્તી પરિવહન સેવા મળશે તેમજ લોકોની સુખાકારીમાં વધારો થશે. આ દરમ્યાન મેયર એ સેરથા ગામની લાઈબ્રેરીની મુલાકાત લઈને સ્થાનિકો સાથે સંવાદ કર્યો હતો. આ વેળાએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, સ્થાનિક આગેવાન તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા.

## આઈઆઈટી ગાંધીનગર તેમજ ગુજરાત પોલ્યુશન બોર્ડ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી





ગાંધીનગર, તા.૨૧

બી.પી કૉલેજ ઓફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી આઈઆઈટી ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જે કાર્યકર્મમાં આઈઆઈટી ગાંધીનગરના ડો.સી.એન.પાંડે તેમજ ગુજકોસ્ટના નરોતમ સાહુ તેમજ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેંટના ડો.સંદીપ પાંડે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ પૃથ્વીની જાળવણી માટે અનેકવીધ કાર્યક્રમ કરી રહ્યા છે. તેમણે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ દ્વારા સાંપ્રત સમયમાં ગ્લોબલ વાર્મિંગ જેવી સમસ્યાઓથી પર્યાવરણ પર માઠી અસર પડે છે. તેમજ વાતાવરણ પ્રદુષિત થાય છે. ત્યારે બીબીએ કૉલેજ ગાંધીનગર સામાજીક જવાબદારી બાબતે વિદ્યાર્થીઓ જાગૃત થાય તેમજ તેઓમાં પર્યાવરણની જાળવણી માટે જાગૃતિ આવે તેવા કાર્યક્રમ યોજવામાં આવે તેમ જણાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ડો.આશિષ ભૂવા, ડો.નિવેદિતા રાવલ તેમજ કૉલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યુ હતુ.

## જન્મદિને વધામણી



દિનેશ પી. બ્રહ્મભટ્ટ



નરેશસિંહ એસ. ઠાકોર
મો. ૯૮૯૮૧ ૩૮૩૩૬



વૃંદા જોષી

## સે-૨૧ પેટ્રોલ પંપ પર ઓનલાઈન નાણાંકીય વ્યવહારનો ઉગ્ર વિરોધ

ગાંધીનગર, તા. ૨૧

સેક્ટર-૨૧ સ્થિત પેટ્રોલ પંપ પર ડિઝિટલ નાણાંકીય વ્યવહાર અંતર્ગત ઓનલાઈન નાણાં ચૂકવીને પેટ્રોલ, ડિઝલ, ગેસ મેળવી શકાશે અને રોકડેથી વ્યવહાર બંધ કરાયો છે, આમ આદમી કે જે કાર્ડધારક નથી અથવા ઓનલાઈન વ્યવહારની જાણકારી ધરાવતો નથી તેને પેટ્રોલ, ડિઝલ, ગેસ મેળવવામાં મુશ્કેલી થઈ રહી છે. તેથી આવા લોકો વતી ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

ડિઝિટલ નાણાંકીય વ્યવહારોનો સમય આવી રહ્યો છે અને બધુ ડિઝિટલ થઈ રહ્યુ છે. પરંતુ દરેક વ્યક્તિ ડિઝિટલ વ્યવહારની સુવિધા ધરાવે એ જરૂરી નથી. સેક્ટર-૨૧ના પેટ્રોલ પંપ પર રોકડેથી વ્યવહાર બંધ કરીને ઓનલાઈન નાણાંકીય વ્યવહારને પ્રાધાન્ય અપાયુ છે પરંતુ જે વ્યક્તિ કાર્ડ ધરાવતો નથી, ઓનલાઈન વ્યવહારો અંગે વિશેષ માહિતી ધરાવતા નથી અથવા કાર્ડ ભૂલી જાય છે ત્યારે તે પેટ્રોલ, ડિઝલ, ગેસ મેળવી શકતો નથી, જે ખરેખર પડકારરૂપ બન્યુ છે. તેથી જ રોકડેથી પેટ્રોલ પંપ પરની સુવિધાઓ પુનઃ સ્થાપીત કરવાની માંગ ઉઠી છે.

તેનો વિરોધ દર્શાવતા શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ, મયૂર વ્યાસ, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવે સહિત સૌએ સચિવકક્ષાએ તથા ધારાસભ્યને રજૂઆત કરી છે.



શ્રી ૧૦૦૮ નેમિનાથ દિ.જૈન મંદિર, પેથાપુર ખાતે તા. ૨૨-૪-૨૩ ને શનિવાર "અખાત્રીજ" ના રોજ મંદિરની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા ચડાવવાનું આયોજન કરેલ છે.તો સર્વે ધર્મપ્રેમી બંધુઓએ ધર્મલાભ લેવો. સમય : સવારે ૭ થી ૯:૩૦ અભિષેક,પૂજન તથા ધ્વજારોહણ વિધિ યોજાશે.

## પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે ૨૭ એપ્રિલે 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ'

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને ગાંધીનગર જિલ્લામાં પ્રજાની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તારીખ ૨૭ એપ્રિલ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નના નિરાકરણ અંગે, જિલ્લા કક્ષાએ કલેક્ટર ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી, ગાંધીનગર સેક્ટર-૧૧, પહેલા માળના સભાખંડમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આથી જિલ્લાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો આ પ્રેસ નોટ આવ્યા તારીખથી દસ દિવસમાં કલેકટર ગાંધીનગરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્ન, સબજ્યુડીશીયલ પ્રશ્નો તથા નોકરી ને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમાં લક્ષમં લેવામાં આવશે નહીં. રજૂ કરવામાં આવનાર પ્રશ્નોના કવર ઉપર 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ તારીખ ૨૭ એપ્રિલ ૨૦૨૩ એમ અચૂક લખવું અને જિલ્લા સ્વાગત કાર્યક્રમના દિવસે અરજદારે ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શહેરમાં ૨૨૦ બાળકોને પગરખાંના વિતરણ દ્વારા ચરણસેવાનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૧

ઈ.સ. ૧૯૮૭માં આરંભાયેલ ચરણસેવામાં બાળકોને વિનામૂલ્યે નવા જ પગરખાંનું વિતરણ કરવામાં આવે છે. ઉનાળાની ગરમીમાં અનેક બાળકો આર્થિક મુશ્કેલીના કારણે ખુલ્લા પગે જતા હોય છે તેને ધ્યાનમાં રાખીને શહેર વસાહત મંડળ અને અરણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ઉનાળામાં 'ચરણસેવા' કરવામાં આવે છે.

વર્ષ-૨૦૨૩ની ચરણસેવા ૨૧ એપ્રિલ, શુક્રવારના રોજ સેક્ટર-૨૦ પ્રાથમિક શાળાના ૨૨૦ બાળકોની ચરણસેવાથી પ્રારંભાયી હતી. જેમાં વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચ, અરૂણોદય સેવાના ટ્રસ્ટી નિસર્ગ બુચ, વાલીમંડળના પ્રમુખ ધીરૂભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારની શાળાઓ, બાલોવાડી વિસ્તારમાં પણ ૧૬૦ બાળકોની ચરણસેવા કરવામાં આવી હતી. આમ વસાહત મહામંડળ, અરણોદય સેવા ટ્રસ્ટ દ્વારા આગામી દિવસોમાં મોડાસા, કસાણા ખાતે ચરણસેવા કરવામાં આવશે. તેમજ ગાંધીનગરમાં શ્રમિકોની પણ ચરણસેવા કરવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લા તથા શહેર સમસ્ત પ્રજાપતિ સમાજનો ૨૨મીએ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૧

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ દ્વારા બાળકોનો સન્માન સમારંભ તથા ઈનામ વિતરણ , સ્નેહમિલન ,વર્ગ- ૧/૨ ના અધિકારીઓનો સન્માન સમારંભ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે.જે ગાંધીનગર મુકામે તારીખ ૨૨ એપ્રિલના રોજ "બ્રહ્માણી હોલ" કડી સર્વ વિધ્યાલય કેમ્પસ ગેટ નંબર-૧, કાલુપુર કો.ઓપ.બેંક પાછળ સેકટર-૨૩, ઘ-૬ બસ સ્ટેન્ડ પાછળ બપોરે ૨:૩૦ કલાકે યોજાનાર હોઈ દરેક જ્ઞાતિબંધુઓને હાજર રહેવા અખબારી યાદી માં જણાવ્યું હતું.



ગાંધીનગર, તા.૨૧

સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૧૬ ગાંધીનગર દ્વારા આયોજિત ભગવાન પરશુરામની જન્મ જયંતી નિમિત્તે તા.૨૨ એપ્રિલ શનિવારના રોજ રાખવામાં આવેલ શોભા યાત્રામાં તેમજ તેના અનુસંધાનમાં અન્ય પ્રોગ્રામમાં ભાગ લેવા માટે સેકટર-૨ શાખાના બ્રહ્મ બંધુઓ તેમજ શાખાની મહિલા પાંખની કારોબારી સભ્યોની બેઠક ગુરુવારે યોજાઈ હતી. જેમાં ઘણી બહેનો તેમજ બ્રહ્મ બંધુઓ હાજર રહેલા હતા. ભગવાન પરશુરામની શોભાયાત્રામાં તેમજ તેના આનુસંગિક કાર્યક્રમને સફળ બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પુરોહિત વાઘજીભાઈ થાનજીભાઈ ઉ.વ.૭૭, વાવોલ
- સ્વ.નરૂકા મિતલબા હિતેન્દ્રસિંહ ઉ.વ.૨૮, પેથાપુર
- સ્વ.વણઝારા થાનાજી રામાજી ઉ.વ.૫૪, ગોકુલપુરા